

અડાલજ વાવથી અમદાવાદ-મહેસાણા હાઈવે સુધીનો માર્ગ હવે પૂ. પ્રમુખસ્વામી માર્ગ તરીકે ઓળખાશે. અડાલજ બીએપીએસ સત્સંગ મંડળ તથા અડાલજ ગ્રામ પંચાયતના સહયોગથી આ નામકરણ કરવામાં આવ્યું છે.

# કોંગ્રેસ લોકદરબાર દ્વારા પ્રશ્નોને વાચા આપશે

## ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિની વિસ્તૃત કારોબારી બેઠકમાં કાર્યક્રમોની ચર્ચા - વિચારણા

ગાંધીનગર, તા. ૨૬

જિલ્લાની પ્રજાના પ્રશ્નોને વાચા આપવા માટે કોંગ્રેસ દ્વારા આગામી દિવસોમાં લોક-દરબાર જેવા કાર્યક્રમોનું આયોજન કરાશે તેવા સંકેત જિલ્લા નિરીક્ષક બલવંતસિંહ રાજપૂતે જિલ્લા સંગઠનની નવી ટીમની પ્રથમ બેઠકને સંબોધતાં આપ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે ગ્રામ-તાલુકા અને જિલ્લાના સંયોજકો પણ આગામી દિવસોમાં નિયુક્ત કરવામાં આવશે. પક્ષના સંગઠનને વધુ મજબુત બનાવી આક્રમકતા સાથે ચૂંટણીઓમાં પ્રજાની વચ્ચે પક્ષ રહેશે. તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે વિકાસ માટે પંચાયતે હાથ ધરેલા કામોની વિગતો પણ ગામે ગામ પહોંચાડવામાં આવશે. પંચાયતી રાજ વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવામાં કોંગ્રેસ કોઈ જ કચાશ રાખશે નહિ.

મિશન ૨૦૧૭ નવ સર્જન ગુજરાતના એક જ લક્ષ્ય માટે ગુજરાત કોંગ્રેસ દ્વારા સંગઠનની પુર્નરચના કરવા કરવાની કામગીરી હાથ ધરી છે. જેના ભાગરૂપે ગાંધીનગર કોંગ્રેસના માળખાની નવેસરથી જાહેરાત સાથે આગામી દિવસોમાં અનેક વિવિધ કાર્યક્રમો અને આગામી વિધાનસભાની ચૂંટણી જીતવાના મક્કમ મનસુબા સાથે આક્રમક રણનીતિ ઘડવા નવરચિત જિલ્લા કોંગ્રેસના સંગઠનની પ્રથમ બેઠક આજરોજ તા. ૨૬-૧૦-૨૦૧૬, ૧૦.૦૦ કલાકે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ગાંધીનગર ખાતે વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડક અને ગાંધીનગર જિલ્લાના નિરીક્ષક બલવંતસિંહ રાજપૂતની વિશેષ ઉપસ્થિતિમાં અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષ સ્થાને જિલ્લા કોંગ્રેસની વિસ્તૃત કારોબારી બેઠક મળી હતી. જેમાં જિલ્લાના આગેવાનો સર્વશ્રી નિશિત વ્યાસ, ડૉ. હિમાંશુ પટેલ, જશુભા રાણા, અમિતભાઈ ચૌધરી, કામીનીબા રાઠોડ, અરવિંદસિંહ સોલંકી, શેંધાજી ઠાકોર, યાકુબભાઈ મનસુરી, બાબુસિંહ ઝાલા, પૃથ્વીસિંહ રાઠોડ, કાંતિજી ઠાકોર, મુલચંદભાઈ રાઠોડ, સોનલબા ચાવડા, સીમાબેન કવિ, વિમળાબેન સોલંકી, પિનાકિન બ્રહ્મભટ્ટ, સુરેશ ચૌધરી, સુહાગ પંચાલ, અમરસિંહ ચાવડા, રશ્મિજી ઠાકોર, ફુલસિંહ ઝાલા સહિત નગરપાલિકા અને તાલુકા-જિલ્લા પંચાયતના સદસ્યો, આગેવાનો, વિવિધ પાંખના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક અંગેની વધુ માહિતી આપતા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ જણાવ્યુ છે કે જિલ્લા કોંગ્રેસ દ્વારા દરેક શહેર-તાલુકામાં સ્નેહમિલન સમારંભો યોજવા, મતદાર યાદી સુધારણા કાર્યક્રમ ઘનિષ્ટ બનાવવા, વિકાસના કામોની સમીક્ષા અને તાલુકા કક્ષાએ લોક દરબારનું આયોજન કરવા, ગ્રામ-તાલુકા-જિલ્લા સંયોજક અને શહેર-બુથ સંયોજક નીમવા જરૂરી ઠરાવો કરવામાં આવ્યા છે. ઉપસ્થિત મહાનુભાવોએ ઠરાવોનું સમર્થન કરી નક્કર કામગીરી કરવા ઉપસ્થિત સૌ આગેવાનો-કાર્યકરોને અનુરોધ કર્યો હતો તેવું જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં મહામંત્રી વિષ્ણુભાઈ પટેલે જણાવ્યું છે.

# જાણીતા મીઠાઈ વિક્રેતાને ત્યાં હેલ્થના વ્યાપક દરોડા પડ્યા

## દિવાળી પૂર્વે મોહનથાળથી લઈ કાજુકતરી, બરફી સહિતના વિવિધ સેમ્પલો લેબોરેટરી તપાસ માટે મોકલવામાં આવ્યા

અમદાવાદ, તા.૨૬

દિવાળીપર્વ આડે હવે બે દિવસ બાકી રહ્યા છે તેવા સમયે મ્યુનિસિપલ હેલ્થ વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં મીઠાઈના વિક્રેતાઓના ત્યાં દરોડાની કાર્યવાહી હાથ ધરીને મોહનથાળ,કાજુ કતરી,બરફી સહીતના નમુના જાણીતા એવા ભોગીલાલ મુળચંદ, જયહિંદ, ગ્વાલીયા સહીતના વિક્રેતાઓને ત્યાંથી લઈને લેબોરેટરી તપાસ માટે મોકલી આપવામાં આવી છે.આ ઉપરાંત પંદર નોટીસો આપીને બિન આરોગ્યપ્રદ ૧૩૦ કિલોગ્રામ જથ્થાનો નાશ કરવામાં આવ્યો છે.આ અંગે મળતી માહિતી મુજબ,દિવાળીપુર્વે મ્યુનિસિપલ હેલ્થ વિભાગની ટીમ આજે શહેરના રતનપોળ ઉપરાંત ઘાટલોડિયા, નરોડા સહીતના વિસ્તારોમાં જાણીતા મીઠાઈ વિક્રેતાઓને ત્યાં ત્રાટકી હતી.જયાંથી શંકાસ્પદ એવી મીઠાઈઓના નમુના લેવામાં આવ્યા છે.શહેરના નહેરૂનગર વિસ્તારમાં આવેલા બસંતી સ્વીટમાર્ટ ખાતેથી અંજીરરોલ, નાના ચિલોડા ખાતે આવેલા શિવશકિત ચવાણામાર્ટ ખાતેથી મેંગો બરફી, કૃણાલ સ્વીટ, ગુરૂકુળ રોડ ખાતેથી કેસરબરફી, રાજેશ સ્વીટ માર્ટ, કુબેરનગર ખાતેથી મલાઈ બરફી, જયહિંદ સ્વીટ માર્ટ, રતનપોળ ખાતેથી ચોકલેટ બરફી, અચરતલાલ કુબેરદાસ, ફુવારા, ગાંધરોડ ખાતેથી વરખવાળી કાજુ કતરી, કંદોઈ ભોગીલાલ મુળચંદ, રતનપોળ ખાતેથી મોહનથાળ, રસરંજન ફુડ પ્રોડકટસ જીઆઈડીસી, નરોડા ખાતેથી કાજુકતરી, શારદા સ્વીટ, પાવાપુરી, ઘાટલોડીયાથી રાજસ્થાની બરફી, જોધપુર સ્વીટ ખાતેથી પીસ્તાબરફી, ગ્વાલીયા સ્વીટસ,નરોડા ખાતેથી કેસર કાજુ કતરીના નમુના લઈને લેબોરેટરી તપાસ માટે મોકલી આપવામાં આવ્યા છે.આ વર્ષે અત્યારસુધીમાં મીઠાઈ-નમકીનના કુલ ૨૬૨ નમુના લેવામાં આવ્યા છે.જે પૈકી છ સબસ્ટાન્ડર્ડ, ૨૩ મિસબ્રાન્ડેડ મળી કુલ ૨૯ નમુના અપ્રમાણિત જાહેર થવા પામ્યા છે.

# આંગડિયા પેઢીના કર્મી સાથે ઝપાઝપી : ૧૪ લાખની લૂંટ

## ફરિયાદીએ શરૂઆતમાં જ વિરોધીભાષી માહિતી આપ્યા બાદ પુછપરછના અંતે ૧૪.૩૨ લાખની લૂંટ થયાનું કબૂલ

અમદાવાદ, તા.૨૬

અમદાવાદ શહેરમાં ફરી એકવાર આંગડિયા પેઢીના કર્મચારીને ટાર્ગેટ કરી ૧૪.૩૨ લાખની લૂંટ કરવામાં આવતા સનસનાટી મચી ગઈ છે. આ સમગ્ર ઘટનાના મામલામાં પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. વહેલી સવારે રતનપોળમાં આવેલી આંગડિયા પેઢીના કર્મચારી પર લૂંટારુ શખ્સોએ હુમલો કરીને નહેરુબ્રિજન જીક લૂંટ ચલાવી હતી.

આ સંદર્ભમાં પોલીસને હજુ સુધી કોઇ સફળતા મળી નથી પરંતુ તપાસ હાથ ધરાઈ છે. દિવાળી નજીક આવી રહી છે ત્યાં શહેરમાં ચોરી, લૂંટફાટના બનાવોમાં વધારો થયો છે. આજે વહેલી સવારે રતનપોળમાં આવેલી એક આંગડીયાપેઢીના કર્મચારીનો રસ્તો આંતરીને બે અજાણ્ય શખ્સોએ મારામારી કરી રૂપિયા ૧૪ લાખની લૂંટ મચાવી છે. બનાવની વિગત અનુસાર આજે



વહેલી સવારે રતનપોળમાં આવેલી માધવલાલ મગનલાલ પટેલની આંગડીયાની પેઢીના માણસ મુકેશભાઈ પટેલ ( ઉ.વ. ૪૫ ) નીકળ્યા હતા. ત્યારે બસ સ્ટેન્ડ પર પહોંચ્યા ત્યાં ડબલ સવારીમાં બાઈક પર આવેલા બે લૂંટારૂઓ ઝપાઝપી કરી થેલો લઈ રોકડ રૂપિયા ૧૪.૩૨ લાખની લૂંટ મચાવી પાલડી તરફ ભાગ્યા હતા. ફરિયાદીએ પહેલા ઘટનામાં રૂપિયા પાંચ લાખની ત્યાર બાદ ૭ લાખ અને પોલીસ પુછપરછના અંતે રૂપિયા ૧૪ લાખ ૩૨ હજારની લૂંટ થઈ હોવાનું સામે આવ્યું. જોકે, આ કોઈ પહેલીવાર નથી જ્યારે આંગડીયા પેઢીએ ફરિયાદમાં લખાવેલી રકમ કરતા રકમ હંમેશા મોટી રહી છે.

અગાઉ પણ આંગડીયા પેઢીમાં થયેલી લૂંટમાં પણ આંકડો ફરિયાદમાં જણાવેલી રકમ કરતા વધારો નીકળ્યો હોય. આજે સવારે સેક્ટર-૧ અને ૨, જોઈન્ટ સીપી ક્રાઈમ બ્રાંચના જેકે ભટ્ટના માર્ગદર્શન હેઠળ એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરાયું હતું. પ્રેસ કોન્ફરન્સનો મુખ્ય હેતુ તહેવાર સમયે ઘરફોડચોરી, નજક ચુકવી ચોરી, લૂંટ, ચેઈન સ્નેચિંગના બનાવને પગલે લોકોમાં જાગૃક્તા લાવવાનો હતો. પરંતુ કોન્ફરન્સ પહેલા જ શહેરમાં રૂપિયા ૧૪ લાખની લૂંટને લૂંટારૂઓ અંજામ આપી પલાયન થઈ ગયા.



એનસીપીના નેતા પ્રફુલ પટેલની અમદાવાદ ખાતે પત્રકાર પરિષદ યોજાઈ હતી તે પ્રસંગની તસવીર.

# સરખેજમાં ડેકીમાંથી ૫ લાખ લઈ ગઠિયો ફરાર

અમદાવાદ,તા. ૨૬

અમદાવાદ શહેરમાં લૂંટની ઘટનાઓના કારણે પોલીસ તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. સવારમાં નહેરુબ્રિજ નજીક આંગડિયા પેઢીના કર્મચારીને લૂંટી લેવાના બનાવ બાદ સરખેજમાં પણ પાંચ લાખ રૂપિયા લઈને એક ગઠિયો ફરાર થઈ જતાં સનસનાટી મચી ગઈ હતી. પ્રાપ્ત માહિતી મુજબ સરખેજમાં ક્રિષ્નનગર ડુપલેક્સ વણઝર વિસ્તારમાં રહેતા ભંવરસિંહનામા વ્યક્તિએ અંદાજે બપોરે બે વાગ્યે તેનું સ્કુટર ઘરની બહાર પાર્ક કર્યું હતું. દરમિયાન કોઈ ગઠિયો ડેકી ખોલી પાંચ લાખ રૂપિયા રોકડા લઈને પલાયન થઈ ગયો હતો. ઘટનામાં સરખેજ પોલીસે તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે, શહેરીજનો દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો હોઈ ખરીદીના મૂડમાં છે. ત્યાં ઘરફોડ ચોરી, નજર ચુકવી ચોરી, લૂંટ અને ચેનસ્નેચીંગની ઘટનામાં વધારો થયો છે. લૂંટારૂઓને જાણ પોલીસનો ડર ન હોય તેમ બેરોકટોક ઘટનાને અંજામ આપી રહ્યા છે.

# એએમટીએસના હડતાળી કન્ડકટરો દ્વારા સૂત્રોચ્ચાર

અમદાવાદ, તા.૨૬

એએમટીએસ સાથે સંકળાયેલા ૧૨૯૦થી વધુ કોન્ટ્રાકટ બેઈઝ કંડકટરો દ્વારા ચલાવવામાં આવી રહેલી હડતાળને ૩૨ દિવસ પુરા થયા છે તેવા સમયે આજે હડતાળી કંડકટરો મોટી સંખ્યામાં મ્યુનિસિપલ કચેરી ખાતે ઉગ્ર દેખાવો અને સૂત્રોચ્ચાર કરી હાઈકોર્ટના ઓર્ડરનો અમલ કરવા માગણી કરવામાં આવી હતી.આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર,શહેરમાં ગત ૨૩મી સપ્ટેમ્બરથી મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ સાથે સંકળાયેલા અને ગુજરાત મજુર સંઘ સાથે સભ્ય એવા ૧૨૯૦થી વધુ કોન્ટ્રાકટ બેઈઝ કંડકટરો દ્વારા તેમને કાયમી કરવાની માગણી સાથે હડતાળ પાડવામાં આવી છે.

દરમ્યાન હાઈકોર્ટ દ્વારા ઈન્ડસ્ટ્રીયલ કોર્ટના ચુકાદાને માન્ય રાખીને તમામ કોન્ટ્રાકટ બેઈઝ કંડકટરોને માસિક ૨૫૦૦ રૂપિયા ચુકવી આપવા ઉપરાંત તેમને કાયમી કરવા સહીતની માગણીઓ અંગે નવ માસમાં નિર્ણય કરવા પણ આદેશ કર્યો છે.આ પરિસ્થિતિમાં આજે બપોરે ચારના સુમારે હડતાળ ઉપર ઉતરેલા કંડકટરો મોટી સંખ્યામાં મ્યુનિસિપલ કોર્પોરેશનની દાણાપીઠ ખાતે આવેલી મુખ્ય કચેરીખાતે એકઠા થયા હતા જયાં તેમણે ચેરમેન એએમટીએસ, મેયર અને કમિશનર વિરૂધ્ધ સૂત્રોચાર કરવાની સાથે ઉગ્ર દેખાવ કરતા મ્યુનિ.કોર્પોરેશન કચેરીમાં અને કચેરીની બહાર ટ્રાફિકજામ થઈ જવા પામ્યો હતો.આ હડતાળ શરૂ થઈ ત્યારથી આજે ૩૨મા દિવસે પણ એએમટીએસને રોજની રૂપિયા બાર લાખની આવકમાં ખોટ સહન કરવી પડી રહી છે.

# સેમેસ્ટર ૧-૨ પરીક્ષા આપી ચુકેલાનો પ્રશ્ન અંતે ઉકેલાયો

## વિદ્યાર્થીઓના બંને સેમેસ્ટરના સરેરાશ ગુણ તેમની ધોરણ ૧૨ સાયન્સની વાર્ષિક પરીક્ષા ગુણમાં વેટેજ આપી ગણાશે

અમદાવાદ, તા.૨૬

સોમેસ્ટર પ્રથાનો લઈને ચર્ચાઓના દોર વચ્ચે હવે સેમેસ્ટર ૧-૨ની પરીક્ષા આપી ચુકેલા વિદ્યાર્થીઓનો પ્રશ્ન ઉકેલી લેવામાં આવ્યો છે. ધોરણ ૧૨ વિજ્ઞાનમાં સેમેસ્ટર સિસ્ટમ નાબૂદ થવાના પગલે ગયા વર્ષે ૧-૨ની પરીક્ષા વિદ્યાર્થીઓએ આપી હતી. હવે સેમ ૧-૨ની પરીક્ષા આપી ચુકેલા વિદ્યાર્થીઓના બંને સેમેસ્ટરના સરેરાશ ગુણ તેમની ધોરણ ૧૨ સાયન્સની વાર્ષિક પરીક્ષાના ગુણમાં વેટેજ આપી ગણવામાં આવશે. તેમ રાજય શિક્ષણ બોર્ડ ની યાદી જણાવે છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સાયન્સમાં સેમેસ્ટર સીસ્ટમ આ વર્ષથી રદ કરવામાં આવી ત્યારથી આ એક મહત્વનો પ્રશ્ન બની રહ્યો હતો કે ગત વર્ષે જે વિદ્યાર્થીઓએ સેમ ૧ અને ૨ની પરીક્ષા આપી દીધી છે તેમના પરિણામને કઈ રીતે મુલવવામાં આવશે.

વ્યવસ્થા ફક્ત એક જ વર્ષ માટે અમલી કરવામાં આવશે કારણ કે ૨૦૧૭થી ધોરણ ૧૨ સાયન્સની પરીક્ષા વાર્ષિક ધોરણે લેવામા આવનાર છે. જોકે, આ વર્ષ વાર્ષિક પરીક્ષા પદ્ધતિથી જે વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે અને નાપાસ થશે તો તેમને માટે પૂરક પરીક્ષા આપવાનો એક જ વિકલ્પ બચશે. જે પરીક્ષા તેઓ જુલાઈમાં આપી શકશે. ત્યાર બાદ નાપાસથનાર વિદ્યાથીઓએ નવેસરથી આખા વર્ષની પરીક્ષા આપવાની રહેશે. સેમ ૧-૨માં જે વિદ્યાર્થી તેના ચાર સેમમાં ૧૩૨ ગુણ મેળવે તો તેના સરેરાશ ૩૩ ગુણ ગણાશે જે પાસિંગ માર્ક ગણવામાં આવશે. વિદ્યાર્થીઓ પાસ થવા માટે ૩૩ માર્ક મેળવવા ફરજિયાત છે. અન્યથા તેણે જુલાઈ માસમાં પુરક પરીક્ષા આપવી પડશે. આ જ વ્યવસ્થા બે સેમેસ્ટરના પરિણામમાં પણ લાગુ પાડવામાં આવશે.

# એકપણ કંપનીએ વિકાસ માટે કોઇ સહાયતા પુરી પાડી નથી

અમદાવાદ, તા.૨૬

કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ-૨૦૧૪માં દેશની નાની-મોટી એવી તમામ કોર્પોરેટ કંપનીઓને તેમના વાર્ષિક નફાની બે ટકા રકમ જે તે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને વિકાસ માટે આપવા ખાસ ખરડો પસાર કર્યો છે.આ ખરડો પસાર કરવામાં આવ્યા બાદ અઢી વર્ષ ઉપરાંતનો સમય પસાર થઈ ગયો છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને સી એસ આર એટલે કે કોર્પોરેટ સોશીયલ રિસપોન્સિબિલીટી હેઠળ ચાર વિભાગો પણ બદલી નાંખ્યા છે આમ છતાં અમદાવાદ શહેર અને શહેરને અડીને દર વર્ષે કરોડો રૂપિયાનું ટર્નઓવર કરતી અને નફો કરતી એકપણ કોર્પોરેટ કંપની દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનને એકરૂપિયો પણ સીએસઆર હેઠળ આપ્યો નથી.આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર,કેન્દ્ર સરકાર દ્વારા વિધેયક પસાર કરવામાં આવ્યા બાદ દેશની કોર્પોરેટ કંપનીઓ દ્વારા બૃહદ મુંબાઈ અને અન્ય શહેરોના વિકાસ માટે બે ટકા રકમ સીએસઆર હેઠળ આપવામાં આવી છે.પરંતુ અમદાવાદ કોર્પોરેશનને એકપણ રૂપિયાની ફાળવણી કરાઈ નથી.મે-૨૦૧૪માં રિવરફ્રન્ટના વિકાસ માટે સીએસઆર હેઠળ આવનારી રકમ ખર્ચ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.પરંતુ હાલ જનમાર્ગમાં મેનેજર એવા દિપક ત્રિવેદીના કહેવા પ્રમાણે આ રકમ આવે તે પહેલા જ તેમની બદલી થઈ ગઈ.આ પછી ૧લી ફેબ્રૂઆરી-૧૫ થી પબ્લિસીટીમાં આસીટન્ટ મેનેજર ચિરાગ પંચાલના હસ્તક સીએસઆરની આવનારી રકમ ખર્ચ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.હાલ તેઓ રાજય સરકારમાં ડેપ્યુટેશન પર ફરજ બજાવે છે.તેમના સ્થાને ચાર્જ સંભાળતા કિરણ વનાલીયા કહે છે,હું નવો છુ અને મને આ મામલે કોઈ જાણ નથી.બીજી તરફ ચીફ એકાઉન્ટન્ટ અમિષ શાહનું કહેવું છે કે,સીએસઆર અમલી બન્યો એ પછી એકમાત્ર હુડકો તરફથી રોડ માટે રૂપિયા ૪૫ લાખ મળ્યા છે.બાકી કોઈ કંપની તરફથી એકપણ રૂપિયો તંત્રને મળ્યો નથી.મ્યુનિસિપલ કમિશનર મુકેશકુમારનું કહેવું છે કે,હું નવો છું.છતાં આ બાબત ઘણી ગંભીર કહેવાય,હું તપાસ કરાવડાવું છું.




